# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૩/ક્વા-૩/૧૯-૨૦/૨૯૨–૧** **તા.૧૫–૦૧–૨૦**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૩/ક્વા-૩/૧૯-૨૦

અરજદાર: **શ્રી દ્વારકાધીશ ઇન્ડસ્ટ્રીઝ** ગામ: વડત્રા
રજૂઆત કરનાર: **અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે ભીખાભાઈ અરશીભાઇ રામ હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ખંભાલીયા**
રજૂઆત કરનાર: કાર્યવાહક કાર્યપાલક ઈજનેર શ્રી **કે.એ.કરમુર** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ખંભાલીયા**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, જામનગર વર્તુળ કચેરી
તારીખ: ૦૧-૦૧-૨૦૨૦ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૩-૧૨-૨૦૧૯ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. **અરજદાર હાજર રહેલ ન** હતા. તેમજ કાર્યપાલક ઈજનેર શ્રી આર.વિ.સોમાણી પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ખંભાલીયા** હાજર રહેલ હતા. ત્યારબાદ સદર કેસની સુનાવણી તા. ૦૧-૦૧-૨૦૨૦ (બુધવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર શ્રી દ્વારકાધીશ ઇન્ડસ્ટ્રીઝ ગામ -વડત્રા, તેઓની અરજીના નોંધણી નં: ૧૩/ક્વા-૩/૧૯-૨૦, માં જણાવે છે કે**, તેઓએ વડત્રા ગામે**શ્રી દ્વારકાધીશ ઇન્ડસ્ટ્રીઝ** ના નામથી ઓદ્યોગીક હેતુ નુ વીજજોડાણ ૭૫ કીવો નુ ગ્રાહક નં. – ૮૮૯૩૫ /૦૧૪૨૯ / ૦ થી ધરાવે છે. જેમા– ધંધુસર જેજીવાય ફીડરમાથી પાવર સપ્લાય અપાય છે. અરજદારનુ વીજજોડાણ ઓઈલમીલ – માટે ઉપયોગમાં થતો હોય – સતત વીજપુરવઠાની જરૂરીયાત રહેતી હોય છે. સદર ફીડરમા ફીડરમા વારંવાર વીજ વિક્ષેપ થવાનુ સામાન્ય થઈ ગયેલ છે. તેમજ, પેટા વિભાગીય કચેરી દ્વારા ફરીયાદ કરવા છતા કોઈ ઉકેલ લવાયેલ નથી. જેમા આશરે ૩૦ કલાક થી પણ વધુ પાવર સપ્લાય બંધ રહેલ છે. જેથી, **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- **અરજદાર શ્રી દ્વારકાધીશ ઇન્ડસ્ટ્રીઝ નામે વડત્રા મુકામે ગ્રાહક નંબર ૮૮૯૩૫.૦૧૪૨૯.૦ થી ૭૫ kw નું ઔધોગિક વીજ જોડાણ ધરાવે છે. અરજદાર ના સદર જોડાણ નો વીજ પુરવઠા માં વારંવાર વીજ વિક્ષેપ ને લીધે ધંધા રોજગાર ને માઠી અસર પડતી હોય સતત વીજ પુરવઠો મળે તે હેતુ સબબ રજૂઆત કરેલ છે. જે અનુસંધાને વડત્રા કચેરી ના પત્ર નંબર વીએસડી/ટેક/ 11173 તારીખ 02.12.2019 મુજબ માહે મે 19 થી જુલાઈ ૧૯ દરમ્યાન ચોમાસા ની ઋતુ હોય ૧૧ ધંધુસર જેજીવાય ફિડર માં TT-PF નું પ્રમાણ વધારે હોય વીજ વિક્ષેપ થયેલ છે.**

3.૧ **૧૧કેવી ધંધુસર જેજીવાય ફિડર માં DDUJGY યોજના હેઠળ જરૂરી સમારકામ કરાવેલ છે ૧૧ ધંધુસર જેજીવાય ફિડર ફિડર માં આવતા અન્ય ૧૧કેવી ખેતીવાડી ફિડર ના ક્રોસિંગ આવતા હોય સલામતી થી કામ કરવા ૧૧કેવી ફિડર બંધ કરાવવામાં આવતો હોય તેથી વીજ વિક્ષેપ ની ફરિયાદ ઉદભવેલ સદર ફિડર નું લાઇન સમારકામ કરી અરજદાર ની ફરિયાદ નું નિરાકરણ કરવામાં આવશે.**

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ **અરજદાર શ્રી દ્વારકાધીશ ઇન્ડસ્ટ્રીઝ નામે વડત્રા મુકામે ગ્રાહક નંબર ૮૮૯૩૫.૦૧૪૨૯.૦ થી ૭૫ kw નું ઔધોગિક વીજ જોડાણ ૧૧કેવી ધંધુસર જેજીવાય ફિડરમાંથી ધરાવે છે.** અરજદારનુ વીજજોડાણ ઓઈલમીલ – માટે ઉપયોગમાં થતો હોય – સતત વીજપુરવઠાની જરૂરીયાત રહેતી હોય છે. સદર ફીડરમા ફીડરમા માહે મે–૧૯, જુન–૧૯ જુલાઈ–૧૯ ઓગષ્ટ– ૧૯ સપ્ટેમ્બર–૧૯ અને ઓકટોબર–૧૯ મા ટી.ટી. અને પી.એફ નોંધાયેલ છે. જે પરથી સ્પષ્ટ થાય છે કે ૧૧ કેવી ધંધુસર ફીડર હેઠળના વીજજોડાણો ને સાતત્યપૂર્ણ પાવર સપ્લાય મળેલ નથી.

૪.૨ ઉપરોક્ત મુદદા નં. ૪.૧ મુજબ ની વિગતે – જેથી **૧૧કેવી ધંધુસર** જેજીવાય ફીડર માં ખંભાળીયા વિભાગીય કચેરી હેઠળના વીજ સમારકામ ની કામગીરી કરતા કોન્ટ્રાકટરો પાસેથી મહતમ મેન પાવર નુ સંકલન કરીને સલામતી ના ચુસ્ત નિયમોનુ પાલન કરીને વધુમા વધુ ક્રોસીંગ દુર થાય તે મુજબ જવાબદાર અધિકારી ના સુપરવિઝન હેઠળ માસ મેન્ટેનન્સ ની કાર્યવાહી દિન– ૬૦ માં અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, પૂર્ણ કરવાની પીજીવીસીએલ ને સુચના આપવામા આવે છે. તેમજ વધુમાં ગ્રાહક ની માંગણી ને ધ્યાને રાખીને – સલામતી ના નિયમોને ધ્યાને રાખીને – યોગ્ય અંતરે નવી એ.બી.સ્વીચ મુકવાની પણ પીજીવીસીએલ સુચના આપવામા આવે છે, જેથી – અરજદાર ની વિજવિક્ષેપ ની સમસ્યાનો વધુમાં વધુ સારી રીતે ઉકેલ થઈ શકે. પીજીવીસીએલ દ્વારા નવુ ૬૬ કેવી બેરાજા સબસ્ટેશન પ્રપોઝ કરેલ છે, જેથી ભવિષ્યમાં જેનુ કામ પૂર્ણ થયે – અરજદાર ને સાતત્યપૂર્ણ પાવર સપ્લાય મળી શકશે.

૪.૩ ઉપરોકત મુદદા નં.૪.૨ મુજબ ની વિગતે હુકમ કરવામા આવે છે.

૪.૪ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ 3.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯